## શ્લોક : ૮
## યમુનાજીનો ઉત્કર્ષ

**સ્તુતિં તવ કરોતિ કઃ કમલજાસપત્નિ પ્રિયે**
**હરેર્યદનુ સેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ।**
**ઈયં તવ કથાધિકા સકલગોપિકાસંગમ**
**સ્મરશ્રમજલાણુભિઃ સકલગાત્રજૈ સંગમઃ।।૮।।**

**સ્તુતિં** = સ્તુતિ, **તવ** = તમારી, **કરોતિ** = કરે છે, **કઃ** = કોણ, **કમલજા** = કમળમાંથી ઉત્પન્ન થયેલા - લક્ષ્મીજી, **સપત્નિ** = શોક્ય સમાન (ભાગ્યવાળા), **પ્રિયે** = હે પ્રિયા, **હરેઃ** = હરિની, **યદ્** = જે, **અનુસેવયા** = પ્રથમ શ્રીહરિની સેવા પછી લક્ષ્મીજીની સેવા, **ભવતિ** = થાય છે, **સૌખ્યમ્** = સુખ, **આમોક્ષાતઃ** = મોક્ષ સુધી, **ઈયં** = આ, **તવ** = તમારી, **કથા** = માહાત્મ્ય, મહિમા, **અધિકા** = અધિક, વધારે, **સકલગોપિકાસંગમ** = સર્વ ગોપીજનના સમાગમથી, **સ્મરશ્રમ** = કામક્રીડાના થાકથી, **જલાણુભિઃ** = જલના બિંદુઓ સાથે, **સકલગાત્રજૈ** = સર્વ અંગોમાંથી ઉત્પન્ન થયેલા, **સંગમઃ** = સમાગમ.

ભાવાર્થ : લક્ષ્મીજીની સમાન સૌભાગ્યવાળા અને શ્રીહરિને વહાલા એવા હે શ્રીયમુનાજી ! આપની સ્તુતિ કોણ કરી શકે ? (કોઇ નહિ). કારણ કે શ્રીહરિની સેવા કર્યા પછી શ્રીલક્ષ્મીજીની સેવા કરવાથી મોક્ષ સુધીનું સુખ મળે છે. પરંતુ આપનું માહાત્મ્ય તો એથી પણ અધિક છે કારણ કે આપની સેવા કરવાથી પ્રભુના સકળ અંગોમાંથી ઉત્પન્ન થયેલ, સર્વ ગોપીજનોઓના સમાગમથી થયેલ, કામક્રીડાના શ્રમના જલબિંદુઓ સાથે, સમાગમ થાય છે. (કે જેથી લીલાની પ્રાપ્તિનો અનુભવ થાય છે).

હું આપની સ્તુતિ શું કરૂં માહાત્મ્ય અપરમપાર છે
શ્રી લક્ષ્મી વિષ્ણુ સેવવાથી મોક્ષનો અધિકાર છે
જયમ આપની સેવા થકી અદ્ભુત જલ ક્રિડા તણા
જળના અણુની પ્રાપ્તી થાયે ગોપીજનોના સ્નેહથી
એ સ્નેહનું સુખ દિવ્ય છે મન મારૂં એમાં સ્થાપજો
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રી કૃષ્ણ આશ્રય આપજો।।૮।।

